# ઓનલાઈન ટ્રાવેલ કંપની મેક માય ટ્રીપ હવે અમદાવાદમાં

ભારતની અગ્રગણ્ય ઓનલાઈન ટ્રાવેલ કંપની Make my Trip.com એ આજે, ગુજરાત રાજ્યમાં તેનો વ્યવસાય વિકસાવવાની જાહેરાત કરી હતી. તેની કામગીરીના નવપ્રસ્થાન થવાની સાથે જ હવે પ્રવાસીઓ વિશ્વસ્તરની મુસાફરીની સેવાઓ મેળવી શકશે. સસ્તામાં સસ્તી એરલાઈન ટિકિટ, હોટલ બુકિંગમાં વ્યાજની દર અને જે રીતે જોઈએ તેવા રજા માણવાના વિકલ્પો. આ બધી જ સુવિધાઓનો લાભ હવે ગુજરાતના ગ્રાહકો પણ મેળવી શકશે. શહેરના હૃદયસમા વિસ્તાર, સી.જી.રોડ પર 'મેક માય ટ્રીપ'ની ઓફિસ આવેલી છે. જેમને ઓનલાઈન પર ખરીદી કરવી હોય, તેઓ WWW.makemytrip.com પર લોગઓન કરીને તે સેવાનો લાભ લઈ શકે છે. ગુજરાતનું રૂ. ૧૫૦૦ કરોડનું ટ્રાવેલ માર્કેટ, એ તેનું લક્ષ્યાંક છે. દેશ અને વિદેશમાં ફરવા જવા માટે, રાજ્યમાં રહેલી રૂ. ૫૦૦ કરોડની તક, એ કંપનીનું વિશેષ ધ્યેય છે અને તેથી જ તે તેના ભાવિ ગ્રાહકોને તેમની મરજી પ્રમાણે વિકલ્પો આપી શકે. તે માટે કંપનીએ તેની ઓફલાઈન ઉપસ્થિતિ ઊભી કરી છે. આ અંગે કંપનીના સીઈઓ કેયૂર જોષીએ જણાવ્યું છે કે "અમને પૂરો વિશ્વાસ છે કે, 'મેક માય ટ્રીપ'ના વાજબી પ્રસ્તાવ ઓછામાં ઓછી કિંમતની એરલાઈન ટિકિટ, હોટલ રૂમ્સ અને રજાઓ માટે ઉત્તમ ભાવ અને ગ્રાહકોની જરૂરિયાત પ્રમાણેના વિકલ્પો-આ બધું જ અમદાવાદના ગ્રાહકોને અનુકૂળ રહેશે."